અપીલ અરજી નં.૨૭૫ તા.૨૫–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી અનફીટ સર્ટીફીકેટના આધારે કર્મચારી વર્ગ–૪ ના ને સને–૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં નિવૃત કરેલા હોય તેમની ઝોન વોર્ડ સહીત માહિતીની નકલો તથા તેમની જગ્યાએ તેમના અશ્રિતોને રહેમરાહે નોકરીમાં નિમણુંક કરેલા હોય તે આશ્રિતોના નામ, કર્મચારીનંબર તથા ઉંમરના પુરાવા સહીતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૫/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી અનફીટ સર્ટીફીકેટના આધારે કર્મચારી વર્ગ–૪ ના ને સને–૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં નિવૃત કરેલા હોય તેમની ઝોન વોર્ડ સહીત માહિતીની નકલો તથા તેમની જગ્યાએ તેમના આશ્રિતોને રહેમરાહે નોકરીમાં નિમણુંક કરેલા હોય તે આશ્રિતોના નામ, કર્મચારીનંબર તથા ઉંમરના પુરાવા સહીતની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૬ તા.૧૬–૧૧–૦૯ થી આપેલ માહિતી અપુરતી અને અયોગ્ય પુરી પાડેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૯ તા.૩–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને તથા અરજદારને અપૂરતી અને અયોગ્ય માહિતીના દાવાના સમર્થનમાં કોઈ આધાર હોય તો રજૂ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૮૨૪ તા.૯–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં તબદીલ પત્રની નકલ, અરજદારે માહિતી માટે રૂા.૨– ભરપાઈ કર્યાની નકલ, નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, તા.૨૨–૧–૯૯ ના રોજ મંજુર થયેલ સા.સ.ઠ. નં.૧૦૧/૯૯ ની નકલ, શ્રી પ્રકાશભાઈ છોટુભાઈ ખલાસીના અનફીટ અંગે નં.જીએડી/ઈએસટી/૩૮૯૮ તા.૬–૧૨–૦૬ ના હુકમની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૬ તા.૧૬–૧૧–૦૯ ના પત્રની નકલ તથા અરજદારને દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૧ તા.૧૦–૧૧–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૮–૧૨–૦૯ ના અપીલ ફોર્મ સાથે પત્ર રજૂ કરેલ છે. જેમાં કર્મચારીનું નામ ધનાબેન કાંતિભાઈ સુરતી અનફીટ થયેલ કર્મચારીની જગ્યાએ તેમના આશ્રિતનું નામ શૈલેષભાઈ કાંતિભાઈ સુરતી કર્મ.નં.૩૫૮૫૬ સાઉથઝોનમાં નિમણૂંક આપેલ છે. વધુમાં તેમને ફકત એક જ આશ્રિત કર્મચારીની માહિતી અપૂરતી અયોગ્ય અને અધૂરી આપેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે આ પ્રકારના અપીલના દાવાના સમર્થનમાં આધાર કે સમર્થન અત્રે રજૂ કરવાનો અર્થ નથી તેમ જણાવી કોઈ જ પુરાવા કે સમર્થન રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી અનફીટ સર્ટીફીકેટના આધારે કર્મચારી વર્ગ–૪ ના સને–૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં નિવૃત કરેલા હોય તેમની ઝોન વોર્ડ સહીત માહિતીની નકલો તથા તેમની જગ્યાએ તેમના અશ્રિતોને રહેમરાહે નોકરીમાં નિમણુંક કરેલા હોય તે આશ્રિતોના નામ, કર્મચારીનંબર તથા ઉંમરના પુરાવા સહીતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૧ તા.૧૦–૧૧–૦૯ થી દસ્તાવેજ ફી રૂા.ભરપાઈ કરી માહિતી મેળવવામાં જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૬–૧૧–૦૯ ના રોજ રસીદ નં.૧૧૧૦૭૩ થી ભરપાઈ કરી દસ્તાવેજ માહિતી મેળવેલ છે. તેમજ અરજદારને માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૫૬ તા.૧૬–૧૧–૦૯ થી "ઉપલબ્ધ રેકર્ડ મુજબ સને ૨૦૦૫ થી ૨૦૦૯ની આજની તારીખ સુધીમાં વર્ગ–૪ માં પ્રકાશભાઈ છોટુભાઈ ખલાસીને અનફીટ જાહેર કરવામાં આવેલ છે જેની નકલ સામેલ છે. તાત્કાલીક જોગવાઈઓમાં વોચમેન કેડરનો સમાવેશ થયેલ ન હોય, તેમના આશ્રિતને રહેમરાહે નોકરી આપવામાં આવેલ નથી. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરી અનફીટ કર્મચારી વર્ગ–૪ ના ફકત એક જ આશ્રિતને રહેમરાહે સને ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં નોકરી રાખ્યા અંગેની માંગેલ માહિતીની નકલ જાણી જોઈને અપૂરતી પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કર્મચારીનું નામ નંબર અને ઉંમરના પુરાવાની માહિતીની નકલ સહી સિકકા સાથે મેળવવાની રજૂઆત કરેલ છે.જે બાબતે અરજદારે અપીલ તબકકે તા.૮–૧૨–૦૯ ના અપીલ ફોર્મ સાથે પત્ર રજૂ કરેલ છે. જેમાં કર્મચારીનું નામ ધનાબેન કાંતિભાઈ સુરતી અનફીટ થયેલ કર્મચારીની જગ્યાએ તેમના આશ્રિતનું નામ શૈલેષભાઈ કાંતિભાઈ સુરતી કર્મ.નં.૩૫૮૫૬ સાઉથઝોનમાં નિમણૂંક આપેલ છે. પરંતુ તેઓએ સદર કર્મચારી કઈ કેડરનો હોદ્દો ધરાવે છે તે જણાવેલ નથી. વધુમાં તેમને ફકત એક જ આશ્રિત કર્મચારીની માહિતી અપૂરતી અયોગ્ય અને અધૂરી આપેલ છે તેવું જણાવેલ છે. સુ.મ.ન.પાની વેબસાઈટ કર્મચારીની વિગતો કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં મૂકેલ છે તે પરથી કર્મચારીએ સામેલ વિગતની તેઓ સ્વયં ખરાઈ કરી શકયા હોત. અરજદારે આપેલ નામ ધારક ૨૦૦૩ માં નિમણૂંક પામ્યાનું વેબસાઈટની વિગત પરથી જણાય છે. જયારે અરજદારે ૨૦૦૫ થી ૨૦૦૯ ની માહિતી માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર